**સમયમર્યાદા**

**ખૂબ જ અગત્યનું**

ક્રમાંક:-મઉમશબ/૨૦૨૨/૮૬૦૫-૪૦

ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦-બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર.

તારીખ :-૦૫/૦૭/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ
ગુજરાત રાજ્ય.

વિષય:- આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે **"ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q)"**નું આયોજન કરવા બાબત.

સંદર્ભ:- શિક્ષણ વિભાગનો તા.૦૩/૦૭/૨૦૨૨નો પરિપત્ર ક્રમાંક:- પરચ/૧૦૨૦૨૨/૬૮૬/ખ.૨

ઉપર્યુક્ત વિષય પરત્વેના શિક્ષણ વિભાગના તા.૦૩/૦૭/૨૦૨૨ના પરિપત્રના અનુસંધાને જણાવવાનું કે, રાજ્ય સરકાર દ્વારા ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q)નું આયોજન કરવામાં આવેલ છે. પરિપત્રની નકલ આ સાથે સામેલ કરેલ છે. આ સ્પર્ધાનું ઉદ્ઘાટન માન.મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે તારીખ ૦૭/૦૭/૨૦૨૨ના રોજ થનાર છે.

ઉપરોક્ત ક્વિઝ સ્પર્ધામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ તેમજ કોલેજના વિદ્યાર્થીઓ તેમજ મેડિકલ વિદ્યાશાખામા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત શાળાઓના ધોરણ-૯, ૧૦, ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ ઉક્ત સ્પર્ધામાં મહત્તમ સંખ્યામા ભાગ લે તે માટે તેઓના નામની નોંધણી (નોમીનેશન)ની કાર્યવાહી સમયસર કરવા જણાવવામા આવે છે. તદઉપરાંત સ્પર્ધાને લગતું સાહિત્ય શિક્ષણ વિભાગ દ્વારા તૈયાર કરવામા આવેલ છે તે સાહિત્ય ઓનલાઈન ઉપલબ્ધ હોય તે વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવવા અને મહત્તમ સંખ્યામા વિદ્યાર્થીઓ સ્પર્ધામાં ભાગ લે તે જોવા જણાવવામા આવે છે.

(એન.જી. વ્યાસ)
સચિવ
ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ
ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ

**નકલ સવિનય રવાના:-**

- અગ્ર સચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ સચિવાલય, ગાંધીનગર તરફ જાણ અર્થે.
- સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સચિવાલય, ગાંધીનગર તરફ જાણ અર્થે.

આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે "ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ(G3Q)" નું આયોજન કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૨૨/૬૮૬/ખ-૨
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૦૩/૦૭/૨૦૨૨

પરિપત્ર:

રાજ્યના વિદ્યાર્થી તેજસ્વી, પ્રતિભાશાળી, જ્ઞાન સમૃદ્ધ બને તે હેતુથી ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ ગુજરાત રાજ્યની ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની તમામ સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો અને રાજ્યની સરકારી અને ખાનગી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ અને રાજ્યના પ્રજાજનો માટે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત "ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q)"નું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવનાર છે.

આ ક્વિઝનો ઉદ્દેશ્ય રાજ્યના વિદ્યાર્થીઓ અને પ્રજાજનોને પ્રોત્સાહિત કરી તેઓ વચ્ચે એક તંદુરસ્ત જ્ઞાનવર્ધક હરીફાઈ થકી તેઓનું સશક્તિકરણ કરવાનો છે. આ ક્વિઝમાં કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની વિવિધ પ્રજાલક્ષી પહેલ, વિકાસગાથા, ગૌરવગાથા અને જન સુખાકારી યોજનાઓની માહિતી તેમજ સામાન્ય જ્ઞાન અને નોંધનીય બાબતોનો સમાવેશ થશે.

1. ક્વિઝનું માળખું:
   - ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ ગુજરાત રાજ્યની ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની તમામ સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો અને રાજ્યની સરકારી અને ખાનગી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ અને રાજ્યના પ્રજાજનો ભાગ લઈ શકશે.
   - પ્રથમ તબક્કામાં ઓનલાઈન ક્વિઝ તાલુકા(નગરપાલિકા સમાવિષ્ટ)/વોર્ડ કક્ષાએ યોજાશે.
   - દ્વિતીય તબક્કામાં તાલુકા(નગરપાલિકા સમાવિષ્ટ) કક્ષાની સ્પર્ધા પૂર્ણ થયા બાદ જિલ્લા કક્ષા અને મહાનગરપાલિકા કક્ષાએ ઓનલાઈન ક્વિઝનુ આયોજન કરવામાં આવશે.
   - ત્રીજા અને અંતિમ તબક્કામાં જિલ્લા અને મહાનગરપાલિકા કક્ષાની ઓનલાઈન ક્વિઝપૂર્ણ થયા બાદ રાજ્ય કક્ષાએ ગ્રાન્ડ ફિનાલે મેગા ક્વિઝનું આયોજન થશે.
   - **WWW.G3Q.CO.IN** ડોમેઈન પર રજીસ્ટ્રેશન કરાવીને આ ક્વિઝમાં ભાગ લઈ શકાશે. સ્પર્ધાના નિયમો અને વિજેતાઓની સંખ્યા અને અન્ય જરૂરી વિગતો **WWW.G3Q.CO.IN** ડોમેઈન પર ઉપલબ્ધ કરવામાં આવશે.
   - તા.૦૭ જુલાઇ, ૨૦૨૨ના રોજ સાયન્સ સિટી, અમદાવાદ ખાતે માન.મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે અને માન.મંત્રીશ્રીઓની પ્રેરક ઉપસ્થિતિમાં "ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ(G3Q)"નો શુભારંભ કરવામાં આવશે.

- આ ક્વિઝ અઠવાડીયા દરમિયાન દર રવિવારથી શરૂ થઈને દર શુક્રવારે સમાપ્ત થશે અને શનિવારે વિજેતાઓ જાહેર થશે. આમ સતત ૭૫ દિવસ સુધી આ ક્વિઝ યોજાશે.
- દર અઠવાડિયે તાલુકા(નગરપાલિકા સમાવિષ્ટ)/વોર્ડ કક્ષાના શાળા અને કોલેજ-યુનિવર્સિટી વિભાગમાં ઉમેદવાર દીઠ ક્વિઝનો સમયગાળો ૨૦ મિનીટનો રહેશે અને આ ૨૦ ક્વિઝ સામાન્ય રીતે બહુવિકલ્પીય તથા ઓડિયો-વિડીયો સ્વરૂપે રહેશે.
- દરરોજ ૨૫૦ ક્વિઝની ડિઝીટલ પુસ્તિકા સ્પર્ધકોને માર્ગદર્શિકા તરીકે ઓનલાઈન પ્રાપ્ત થશે.

2. ઈનામની વિગતો:

તાલુકા(નગરપાલિકા સમાવિષ્ટ) કક્ષાએ ક્વિઝના ઈનામ (અઠવાડિયા દીઠ) :

- શાળા કક્ષાના પ્રથમ ક્રમના વિજેતા(કુલ ૦૧) રૂ.૨૧૦૦/-, દ્વિતિય ક્રમના વિજેતા(કુલ ૦૪) રૂ.૧૫૦૦/-, તૃતીય ક્રમના વિજેતા(કુલ ૦૫) રૂ.૧૦૦૦/- આમ કુલ દસ ઈનામો આપવામાં આવશે.
- કોલેજ કક્ષાના પ્રથમ ક્રમના વિજેતા(કુલ ૦૧) રૂ.૩૧૦૦/-, દ્વિતિય ક્રમના વિજેતા(કુલ ૦૪) રૂ.૨૧૦૦/-, તૃતીય ક્રમના વિજેતા(કુલ ૦૫) રૂ.૧૫૦૦/- આમ કુલ દસ ઈનામો આપવામાં આવશે.

➢ તાલુકા(નગરપાલિકા સમાવિષ્ટ) કક્ષાએ વિશિષ્ટ ઈનામ : -

શાળા કક્ષાના વિશિષ્ટ ઈનામ :

- પ્રથમ ક્રમના વિજેતાને રૂ.૧,૦૦,૦૦૦ નુ ઈનામ, દ્વિતિય ક્રમના વિજેતાને રૂ.૭૫,૦૦૦ નુ ઈનામ,તૃતિય ક્રમના વિજેતાને રૂ.૫૦,૦૦૦ નું ઈનામ આપવામાં આવશે.

કોલેજ-યુનિવર્સીટી કક્ષાના વિશિષ્ટ ઈનામ :

- પ્રથમ ક્રમના વિજેતાને રૂ.૨,૦૦,૦૦૦ નુ ઈનામ, દ્વિતિય ક્રમના વિજેતાને રૂ.૧,૨૫,૦૦૦ નુ ઈનામ, તૃતિય ક્રમના વિજેતાને રૂ.૭૫,૦૦૦ નું ઈનામ આપવામાં આવશે.
- તાલુકા(નગરપાલિકા સમાવિષ્ટ)/વોર્ડ કક્ષાના શાળા અને કોલેજ વિભાગના કુલ વિજેતાઓમાંથી પ્રથમ , દ્વિતિય અને તૃતિય વિજેતા ની પસંદગી માટે સતત ૭૫ દિવસ બાદ તાલુકા(નગરપાલિકા સમાવિષ્ટ)/વોર્ડ કક્ષા એક ઓનલાઇન ક્વિઝનું આયોજન કરવામાં આવશે અને તેમાંથી પ્રથમ, દ્વિતિય અને તૃતિય વિજેતાની પસંદગી કરવામાં આવશે.
- તાલુકા(નગરપાલિકા સમાવિષ્ટ) કક્ષાએ દરેક વિજેતાને પરીવારના ૪ સદસ્યો સાથે એક વર્ષના સમયગાળામાં એક વખત નિ:શુલ્ક સ્ટડી ટુર યોજવામાં આવશે.
- ક્વિઝનાં તમામે તમામ સ્પર્ધકોને એક વર્ષના સમયગાળા દરમિયાન (૧ + ૧) એમ બે વ્યક્તિ માટે નિઃશુલ્ક સ્ટડી ટુર યોજવામાં આવશે.

જિલ્લા-મહાનગરપાલિકા કક્ષાની ક્વિઝના ઈનામ :

- આ ક્વિઝ ઓનલાઈન માધ્યમથી આયોજીત કરવામાં આવશે.
- જિલ્લા અને મહાનગરપાલિકા કક્ષાના શાળા અને કોલેજ-યુનિવર્સીટી વિભાગનાં દસ + દસ વિજેતાઓ જાહેર કરવામાં આવશે.

- જિલ્લા અને મહાનગરપાલિકાના વિજેતા વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષાની ક્વિઝમાં ભાગ લેશે.
- આ વિજેતાઓ બે દિવસની સ્ટડી ટુર ઈનામ સ્વરૂપે પ્રાપ્ત થશે.

➢ શાળા કક્ષાના વિશિષ્ટ ઈનામો :
  - પ્રથમ ક્રમના વિજેતાને રૂ.૨,૦૦,૦૦૦ નુ ઈનામ, દ્વિતિય ક્રમના વિજેતાને રૂ.૧,૨૫,૦૦૦ નુ ઈનામ,તૃતિય ક્રમના વિજેતાને રૂ.૭૫,૦૦૦ નું ઈનામ આપવામાં આવશે.

➢ કોલેજ કક્ષાના વિશિષ્ટ ઈનામો :
  - પ્રથમ ક્રમના વિજેતાને રૂ.૩,૦૦,૦૦૦ નુ ઈનામ, દ્વિતિય ક્રમના વિજેતાને રૂ.૨,૦૦,૦૦૦ નુ ઈનામ,તૃતીય ક્રમના વિજેતાને રૂ.૧,૦૦,૦૦૦ નું ઈનામ આપવામાં આવશે.

રાજ્ય કક્ષાની ગ્રાન્ડ ફિનાલે મેગા ક્વિઝના ઈનામો :

- જિલ્લા કક્ષાની ક્વિઝ પૂર્ણ થયા બાદ રાજ્ય કક્ષાની અંતિમ ક્વિઝ સ્પર્ધા યોજવામાં આવશે.
- ક્વિઝ દરમિયાન જિલ્લા અને મહાનગરપાલિકાના વિજેતા જાહેર થયેલા સ્પર્ધકો રાજ્ય કક્ષાની ક્વિઝમાં ભાગ લેશે.
- આ રાજ્ય કક્ષાની ક્વિઝમાં ૭૫ શાળા કક્ષાના અને ૭૫ કોલેજ કક્ષાના એમ કુલ ૧૫૦ વિજેતા જાહેર કરવામાં આવશે.
- રાજ્ય કક્ષાના ૧૫૦ વિજેતાઓને ત્રણ દિવસની સ્ટડી ટુર ઈનામ સ્વરૂપે પ્રાપ્ત થશે.

➢ શાળા કક્ષાના વિશિષ્ટ ઈનામો :
- પ્રથમ ક્રમના વિજેતાને રૂ.૩,૦૦,૦૦૦ નુ ઈનામ, દ્વિતિય ક્રમના વિજેતાને રૂ.૨,૦૦,૦૦૦ નું ઈનામ, તૃતિય ક્રમના વિજેતાને રૂ.૧,૦૦,૦૦૦ નું ઈનામ આપવામાં આવશે.

➢ કોલેજ કક્ષાના વિશિષ્ટ ઈનામો :
- પ્રથમ ક્રમના વિજેતાને રૂ.૫,૦૦,૦૦૦ નુ ઈનામ, દ્વિતિય ક્રમના વિજેતાને રૂ.૩,૦૦,૦૦૦ નું ઈનામ, તૃતિય ક્રમના વિજેતાને રૂ.૧,૫૦,૦૦૦ ના ઈનામ આપવામાં આવશે.

અન્ય કક્ષાના સ્પર્ધકો માટે ક્વિઝના ઈનામ :

- સતત ૭૫ દિવસ ચાલનારી ક્વિઝમાં ભાગ લીધેલ સ્પર્ધકોમાંથી કુલ ૭૫ વિજેતાઓ જાહેર કરવામાં આવશે.
- ક્વિઝની અન્ય કક્ષાના આ ૭૫ વિજેતાઓ ૦૨ દિવસની પરિવારના કુલ ૦૪ સદસ્યો સાથેની ટુર (પતિ-પત્ની + ૨ બાળકો એમ કુલ ૦૪ અથવા તો કુટુંબના કોઈપણ ૦૪ સભ્યો) ઈનામ સ્વરૂપે પ્રાપ્ત થશે.

આ ઉપરાંત તાલુકા(નગરપાલિકા સમાવિષ્ટ), જિલ્લા-મહાનગરપાલિકા અને રાજ્ય કક્ષાની ક્વિઝના સ્પર્ધકોને ;

- તમામ સ્પર્ધકો અને વિજેતાઓને ગુજરાત સરકાર લેવલે ડીઝીટલ પ્રમાણપત્ર
- જે-તે શાળા કે કોલેજ-યુનિવર્સીટીમા સૌથી વધારે ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે શાળા કે કોલેજ-યુનિવર્સીટીને પ્રશસ્તિપત્ર (કોલેજ/શાળાના કુલ વિદ્યાર્થીઓના ટકાવારી મુજબ)

- જે-તે તાલુકામાં વધુ ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારીને, જિલ્લા કક્ષાએ જિલ્લા કલેક્ટરશ્રીને, મ્યુનિસિપલ કક્ષાએ મ્યુનિસિપલ કમિશનરશ્રીને પ્રશસ્તિપત્ર આપવામાં આવશે.

3. પ્રચાર-પસાર

- રેડીયો જીંગલ, વિડિયો ક્વિકીઝ, હોર્ડીંગ્સ, બેનર્સ, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મિડીયામાં જાહેરાત, સોશિયલ અને ડીજીટલ મીડિયા, એક મીનીટની ફિલ્મ વગેરેનુ નિર્માણ, કોલેજો/યુનિવર્સિટીઓમાં સ્ટેન્ડી, બોર્ડ પર જાહેરાત, બલ્ક એસ.એમ.એસ., સાઈનબોર્ડ દ્વારા આ ક્વિઝનો પ્રચાર – પ્રસાર કરવામાં આવશે.

"ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ(G3Q)" નાં આયોજન માટે નીચે મુજબની રાજ્ય કક્ષાની કમિટી અને એક્ઝિક્યુટીવ કમિટીની રચના કરવામાં આવે છે.

➢ રાજ્ય કક્ષાની કમિટી :

1. માનનીય શિક્ષણમંત્રીશ્રી (અધ્યક્ષ)
2. માનનીય રા.ક. મંત્રીશ્રી( ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ), (ઉપાધ્યક્ષ)
3. માનનીય રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)
4. માનનીય રા.ક.મંત્રીશ્રી (ઉદ્યોગ અને કલાઈમેન્ટચેન્જ)
5. અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, (સહઅધ્યક્ષ)
6. સચિવશ્રી, પ્રા.શિ. અને મા.શિ., શિક્ષણ વિભાગ
7. સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ(આયોજન)
8. કુલપતિશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
9. કુલપતિશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ
10. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી
11. ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રી
12. શાળા કમિશનરશ્રી
13. નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો
14. નિયામકશ્રી, GCERT
15. નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ
16. એડવાઈઝરશ્રી, ગુજકોસ્ટ, અમદાવાદ
17. એડવાઈઝરશ્રી, કેસીજી, અમદાવાદ
18. ખાસ ફરજ પરનાં અધિકારી (એક્ષટેન્શન), કેસીજી
19. ખાસ ફરજ પરનાં અધિકારી, (એકાઉન્ટ અને એડમીન), કેસીજી
20. ટેકનીકલ એડવાઇઝર, ક્લાયમેન્ટ ચેન્જ વિભાગ

➢ એક્ઝિક્યુટીવ કમિટી :

1. અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, (અધ્યક્ષ)
2. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી

3. ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રી
4. કમિશનરશ્રી, શાળાઓ
5. એડવાઈઝરશ્રી, કેસીજી, અમદાવાદ
6. ખાસ ફરજ પરનાં અધિકારી (એક્ષટેન્શન), કેસીજી
7. ખાસ ફરજ પરનાં અધિકારી, (એકાઉન્ટ અને એડમીન), કેસીજી
8. સંયુક્ત નિયામક, ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રીની કચેરી.

4. ક્વિઝના સામાન્ય નિયમો :

1. ક્વિઝના સાચા જવાબ માટે ૦૧ ગુણ મળશે તથા ખોટા જવાબ માટે ૦.૩૩ ગુણ કપાશે. વિજેતાની પસંદગી ઓછા સમયમાં સૌથી વધુ ગુણ ધરાવનારને વિજેતા ઘોષિત કરવામાં આવશે. જ્યાં તમામ મેરીટ સરખા થતાં ટાઈ પડે ત્યારે સ્પર્ધકના રજીસ્ટ્રેશનનાં સમય અને સ્પર્ધક દ્વારા ક્વિઝ શરૂ કરેલ સમય વચ્ચેના તફાવતને ધ્યાને રાખીને લઘુત્તમ સમય તફાવત ધરાવતા ઉમેદવારને વિજેતા ઘોષિત કરવામાં આવશે.
2. ક્વિઝના પરિણામ માટે ઓનલાઇન ક્વિઝ દરમિયાન ક્વિઝના દરેક સ્પર્ધકે ક્લિક કરેલા જવાબોના આધારે સર્વરને મળેલા ડેટાના કમ્પ્યૂટર એનાલિસિસ દ્વારા મળેલા ગુણને ધ્યાનમાં લેવામાં આવશે.
3. ક્વિઝના દરેક સ્પર્ધકે રજિસ્ટ્રેશન માટે પોતાની સાચી વિગતો આપવી અનિવાર્ય છે. વિજેતા થનારે આયોજકો સમક્ષ પોતાનું પ્રમાણભૂત અને માન્ય ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે. રજિસ્ટ્રેશનની વિગતો અને ઓળખપત્ર વચ્ચે વિસંગતતા હશે તો જે તે ઇનામનો લાભ જે-તે સ્પર્ધકને મળવાપાત્ર થશે નહિ.
4. ક્વિઝની કોઈ પણ બાબત અંગે શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ બાબતે કોઈ પણ પત્ર વ્યવહાર કે, રજુઆતને ધ્યાને લેવામાં આવશે નહિ.
5. ક્વિઝનાં જવાબો અંગે તથા ક્વિઝની માહિતી અંગે ક્વિઝનાં આયોજકોનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.
6. આ ક્વિઝ મોબાઈલ ફોન, સ્માર્ટ ફોન, આઈ ફોન, ડેસ્કટોપ કોમ્પ્યુટર, લેપટોપ, ટેબ્લેટ, i-pad જેવા ઇલેક્ટ્રોનિક ઉપકરણોથી કોઈ પણ સ્થળેથી રમી શકાશે.
7. સ્પર્ધકોને સ્થાનિક કક્ષાએ ઈન્ટરનેટની ક્ષતિ, ઈન્ટરનેટની સ્પીડ, નેટવર્કની સમસ્યા, મોબાઈલ ફોન કે કમ્પ્યુટરની સમસ્યા કે કોઈ પણ પ્રકારની ટેકનિકલ ક્ષતિ માટે શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારની કોઈ જવાબદારી રહેશે નહિ તેમજ આ પ્રકારની કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.
8. ક્વિઝના દરેક સ્પર્ધકે રજિસ્ટ્રેશન માટે પોતાની સાચી વિગતો આપવી અનિવાર્ય છે. વિજેતા થનારે આયોજકો સમક્ષ પોતાનું પ્રમાણભૂત અને માન્ય ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે. રજિસ્ટ્રેશનની વિગતો અને ઓળખપત્ર વચ્ચે વિસંગતતા હશે તો જે તે ઇનામનો લાભ જે-તે સ્પર્ધકને મળવા પાત્ર થશે નહિ.
9. ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ(G3Q)મા ભાગ લેનાર તમામ સ્પર્ધકો પોતાની સ્વેચ્છાએ આ ક્વિઝમા ભાગ લે છે અને ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ(G3Q) અંગેના તમામ નિયમો અને શરતો જે-તે સ્પર્ધકને મંજૂર અને કબૂલકર્તા રહેશે.

10. ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ(G3Q)ની તમામ બાબતો, ઇનામની રકમો અને શરતોમાં ફેરફાર કરવાનો તથા અસાધારણ સંજોગોમાં ક્વિઝ સંપૂર્ણપણે નિયત સમય અવધિ પહેલાં સમાપ્ત કરવાનો શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનો અબાધિત અધિકાર રહેશે.

આ ક્વિઝના આયોજન અંગે થનાર ખર્ચ નોલેજ કન્સોર્ટીયમ ઑફ ગુજરાત (કેસીજી), ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અને ગુજરાત ટુરિઝમ ડિપાર્ટમેન્ટ દ્વારા સરખે ભાગે કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ વાઘ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ સવિનય રવાના :

1. માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર મારફત).
2. માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સરદાર ભવન, ગાંધીનગર.
3. માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સરદાર ભવન, ગાંધીનગર.
4. માન.રા.ક.મંત્રીશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સરદાર ભવન, ગાંધીનગર.
5. માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સરદાર ભવન, ગાંધીનગર.
6. માન.રા.ક.મંત્રીશ્રી (ઉદ્યોગ અને ક્લાઈમેટચેન્જ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સરદાર ભવન, ગાંધીનગર.
7. અગ્રસચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. સચિવશ્રી (પ્રા.શિ. અને મા.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. શિક્ષણ વિભાગ હસ્તકના તમામ ખાતાનાં વડાઓની કચેરી/કમિશ્નરશ્રીની કચેરી/નિયામકશ્રીની કચેરી તરફ પરિપત્રની અમલવારી કરવા સારૂ.
10. ક્વિઝની કામગીરીની તમામ સમિતિના સદસ્યશ્રીઓ.
11. એડવાઈઝર, કેસીજી, અમદાવાદ
12. સિલેક્ટ ફાઈલ